ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ચ-૦ થી ઈન્દિરાબ્રિજ અને શાહપુર ગીફટ સીટી વચ્ચેના માર્ગની સુંદરતા નિખરશે

**માર્ગોની સરફેસ ચકાચક બનાવાની સાથે કેટ આઇ થર્મોપ્લાસ્ટના પટ્ટા લાગશે : આસપાસના વિસ્તારમાં જંગલ સફાઇ કરવામાં આવશે : વાઇબ્રન્ટમાં દેશ વિદેશના મહાનુભાવોની અવરજવરને ધ્યાનમાં રાખી સલામતીના પરિબળો પણ યોગ્ય કરાશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. નગરના મુખ્યમાર્ગોની કાયાપલટ કરવા તેમજ શહેરને સોહામણુ બનાવવા માટે માર્ગોની મરામત અને સફાઈ સાથે બ્યુટિફિકેશનની કામગીરી તરફ પણ તંત્રએ ધ્યાન આપ્યુ છે. શહેરના મુખ્યમાર્ગો સહીત ગાંધીનગર અમદાવાદને જોડતા માર્ગ પર દેશ વિદેશનના મહાનુભાવોની અવરજવર રહેવાની હોવાથી સલામતી અને સુંદરતાના પરિબળો પ્રત્યે વિશેષ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. ચ- ૦ થી ઈન્દિરાબ્રિજ તરફ જવાના માર્ગની સફાઈ તેમજ સુશોભનની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. માર્ગ આસપાસ જંગલ સફાઈની સાથે સેન્ટ્રલ વર્જને પણ આકર્ષક બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત શાહપુર , સરગાસણ અને ગીફટ સીટી તરફ જતા માર્ગ ઉપર પણ આ મુજબની કામગીરી હાથ ધરાશે.

આગામી જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ છે. કોરોના કાળમાં લાંબા સમય બાદ સમિટ યોજવામાં આવનાર છે. ત્યારે શહેરમાં પણ કોવિડના કહેર વચ્ચે છેલ્લા ઘણા સમયથી માર્ગ સુધારણા, ફુટપાથ અને સફાઈની કામગીરી થતી ન હોવાનો આક્રોશ પણ સ્થાનિકોમાં ઉઠવા પામ્યો હતો જયારે હવે વાઈબ્રન્ટ સમિટના આયોજનના લીધે નગરના તમામ મુખ્યમાર્ગોને ચકાચક બનાવવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે માર્ગો અને ફુટપાથની મરામતની સાથે શહેરની સુંદરતા નિખરે તે માટે બ્યુટિફિકેશનની કામગીરી પણ મુખ્ય બની રહેશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન જયાં વી વી આઈ પી મહાનુભાવોની વિશેષ અવરજવર રહેવાની છે તેવા રૂટમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. મહાત્મા મંદિર વિસ્તાર અને એકઝિબ્યુશન સેન્ટર પાસે પણ પુરજોશમાં કામ ચાલી રહ્યુ છે. જયારે ચ-૦ થી ઈન્દિરાબ્રિજ માર્ગ આસપાસ પણ સફાઈ તેમજ માર્ગનુ પેચવર્ક કરવામાં આવશે. આ ઉપરાંત માર્ગની સુંદરતા નિખરે તે માટે રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે. આ માર્ગ પર કેટ આઈ , થર્મોપ્લાસ્ટના પટ્ટા સહીતની કામગીરી હાથ ધરાશે આ ઉપરાંત સેન્ટ્રલ વર્જને નિખારવા માટે પણ વિશેષ કામગીરી કરાશે. જયારે ચ-૦ ની જેમ સરગાસણ , શાહપુર અને ગીફટ સીટીને જોડતા માર્ગ પર પણ કેટ આઈ અને થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવાશે જેથી રાત્રિના સમયે માર્ગ પર જગમગાટ જોવા મળશે. શહેરના માર્ગોની જેમ આ બન્ને માર્ગો પર બ્યુટિફિકેશનની કામગીરી પણ હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે. આ માર્ગ પર વી આપી મહાનુભાવોની અવરજવરને અનુલક્ષી અગાઉ માર્ગ આસપાસ લોખંડની ગ્રીલ પણ મુકવામાં આવી હતી જેથી રખડતા ઢોર માર્ગ પર ઘુસી ન જાય જયારે આ દરમિયાન માર્ગો આસપાસની ગ્રીલનુ પણ જરૂર હોય ત્યાં સમારકામ હાથ ધરવામાં આવશે.

# જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશમાં વિક્રમી ફોર્મ ભરાયા

**૬૪ હજારથી વધુ અરજીઓ મળી : ૩૯ હજાર નવા નામ દાખલ કરવા માટે તેમજ ૭ હજાર અરજી નામ કમી કરવા માટેની મળી : ૧૮ થી ૧૯ વર્ષના વયજૂથમાં ૧૫ હજાર જેટલી અરજી નામ દાખલ કરવા મળી**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન ૬૪ હજારથી વધુ ફોર્મ તંત્રને મળ્યા છે. મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન અગાઉના વર્ષોમાં મળેલા ફોર્મ કરતાં આ વખતે વધુ ફોર્મ મળ્યા છે. જો કે તંત્ર આ માટે જન-જાગૃતિ વધુ આવી હોવાનું જણાવી રહેલ છે.

જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ઓનલાઈન સેવા પણ શરૂ કરવામાં આવી હોવાથી આ વખતની આ ઝુંબેશને સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

જિલ્લાતંત્રને મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે ૩૯ હજાર જેટલા ફોર્મ મળ્યા છે. આ ઉપરાંત ૭ હજાર જેટલા ફોર્મ નામ કમી કરવા માટેના મળ્યા છે. ૧૮ હજાર જેટલા ફોર્મ સુધારા-વધારા માટેના મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર(દ)માંથી ૧૮ હજાર, કલોલમાંથી ૧૩ હજાર, ગાંધીનગર(ઉ)માંથી ૧૨ હજાર અને માણસામાંથી ૧૧ હજારથી વધુ ફોર્મ મળેલ છે.

જિલ્લામાં ૧૮ વર્ષથી ૧૯ વર્ષની વયજૂથ ધરાવતા ૧૫ હજાર જેટલા યુવાનોએ તેમના નામ મતદારયાદીમાં દાખલ કરવા માટે ફોર્મ ભરીને આપ્યા છે. જે સૌથી વધુ સારો પ્રતિસાદ ગણી શકાય.

સળંગ બે દિવસ શનિ-રવિ ચાલેલી ખાસ સઘન ઝુંબેશ દરમ્યાન ૩૨ હજાર ફોર્મ મળ્યા હતા જે પણ એક નોંધનીય બાબત છે. સઘન ઝુંબેશ અભિયાન સફળ રહ્યુ છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા અભિયાનમાં રાજકીય પક્ષોની જાગૃતિ તેમજ વિવિધ અધિકારીઓ મતદારયાદી નિરીક્ષક સંદીપકુમાર, જિલ્લા કલેક્ટર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, પ્રાંત અધિકારી ગાંધીનગર-કલોલ તેમજ અન્ય મતદાર નોંધણી અધિકારીઓએ સતત સઘન મોનીટરીંગ કરવાની સાથે ફિલ્ડ વિઝીટો પણ કરી હતી.

જિલ્લામાં મળેલી આ અરજીઓ અંગે હવે પછી ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવશે. ૧લી નવેમ્બરથી ૩૦મી નવે. સુધી કેન્દ્રીય ચૂંટણી પંચે આ મતદારયાદી સુધારણા હાથ ધરાઈ હતી.

## જિલ્લા પંચાયતમાં ગટરલાઈન ઉભરાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ગટર ઉભરાવાની ઘટના એ હજુ સત્તાવાહકોનું ધ્યાન નહિ ગયાની વાત સૌથી વધુ આજે ચર્ચાતી જોવા મળી હતી. પંચાયતના ભોંયતળીયે ગટરલાઈન ઉભરાઈને તેનુ પાણી બહાર વહી રહ્યુ છે એટલુ જ નહિ અહિ અધિકારીઓ અને કર્મચારીઓના વાહનો પણ કાદવમાંથી બહાર લઈ જવાની આજે ફરજ પડી હતી. ગટર ઉભરાવવાની ઘટનાને લઈ આરોગ્યતંત્ર અને બાંધકામ વિભાગ દ્વારા જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી હોવાની વાતને લઈ પંચાયતના સભ્ય અનિલ પટેલે આજે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યુ કે સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી માટે ગ્રામ્ય વિસ્તારમાં શીખામણો આપવા જતા તંત્રના અધિકારીઓને તેમની કચેરીના આંગણામાં જ કેમ ગંદકી નથી દેખાતી.



જાણીતા બોલીવુડ અભિનેતા સલમાનખાન અમદાવાદની મુલાકાતે આવ્યા છે. અમદાવાદની મુલાકાત દરમ્યાન તેઓએ સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી. તેઓએ અહીં સુતરની આંટી કાંતી હતી. સલામખાન અને તેના બનેવી આયુષ શર્માને ચમકાવતી ફિલ્મ અંતિમ તાજેતરમાં જ રીલીઝ થઈ છે. તેના પ્રમોશન માટે સલમાનખાન અમદાવાદ આવ્યા છે. તેમના ફેન્સે તેઓને જોવા માટે ભારે ભીડ જમાવી હતી. સલમાનખાનની એક ઝલક જોવા માટે સાબરમતી આશ્રમની બહાર ચાહકોના ટોળા જામ્યા હતા.

# અડાલજમાં નર્મદાના પાણીની લાઈનનુ કામ બે મહિનામાં પૂર્ણ થઈ જશે

**કોરોનાના લીધે આ કામ પુર્ણ થવામાં વિલંબ થયો : ૬હજારથી વધુ પરિવારોને પીવાનુ પાણી મળશે**

ગાંધીનગર તા ૨૯

ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે કોરોના કાળમાં આ કામ વિલંબમાં પડ્યુ હતુ જેના લીધે અડાલજમાં હજુ આગામી બે મહીનાના અંતે કામ પુર્ણ થશે અડાલજમાં પાણીની લાઈનના નેટવર્કને અનુલક્ષી અંદાજિત રૂ ૧૯ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના અંતે ૧૨ કી મી ના વિસ્તારમાં પાઈપલાઈન નાંખવામાં આવી રહી છે. જયારે ૫ લાખ લીટર પાણીનો સંગ્રહ થઈ શકે તેવી પાણીની ટાંકી અને વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર પણ તૈયાર કરવામાં આવી રહ્યુ છે.

ગુડા વિસ્તારમાં વિકાસના અનેકવિધ કામોની સાથે માળખાગત સુવિધાની કામગીરીને પણ ધીમે ધીમે વેગ આપવામાં આવી રહ્યો છે. ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં નવા ઉદ્યાનો બનાવવા માટે પણ આયોજન કરાયુ છે જયારે નવા આવાસો પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત માર્ગ સુધારણાના કામો પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. માર્ગો , ગટર , વરસાદી પાણીના નિકાલની લાઈન, સ્ટ્રીટ લાઈટો તેમજ નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે પણ લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. અગાઉ અડાજલ અલબત્ત ટી પી સ્કીમ નં -૧૦ માં પણ પાણીની લાઈન નાંખવા માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી જો કે આ કામગીરીનુ ટેન્ડર મંજુર કરવામાં પણ વિલંબ થતા આમ પણ આ યોજના અન્વયે કામ મોડુ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયત માટે ૧૫ હજાર ચો.મી. જગ્યા લેકાવાડા નજીક ફાળવવા માંગણી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા તેના નવા મકાન તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના મકાન માટે ૧૫ હજાર ચો.મી. જગ્યા લેકાવાડામાં ફાળવવા અંગેની દરખાસ્ત જિલ્લા કલેક્ટરને કરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ જિલ્લા પંચાતના નવા મકાન માટે ૧૦ હજાર ચો.મી. તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિવાસસ્થાન માટે ૫ હજાર ચો.મી. જગ્યાની દરખાસ્ત કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતનું હાલનું સંકુલ એક તાલુકાનો જિલ્લો હતો ત્યારે બનાવવામાં આવ્યુ હતુ. ૪૦ વર્ષ જેટલો સમય વીતી ગયો છે અને જિલ્લાનો પણ વિસ્તાર થયો છે. તંત્રના અધિકારીઓને બેસવાની પણ તકલીફ પડે છે.

મળતી વિગતો પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરીનું પંચાયત સાથે એકીકરણ કરવામાં આવનાર હોઈ હાલની જગ્યા ઓછી ખુબ પડશે. હાલ પણ પંચાયતની બે કચેરીઓ તો ભાડાની જગ્યા પર કાર્યરત છે.

જિલ્લા પંચાયતની નવી જગ્યા માટે વારંવાર રજુઆત કર્યા પછી પણ સરકાર દ્વારા હજુ કોઈ જ નિર્ણય લેવાયો નથી. જિલ્લા પંચાયતના નવા મકાન માટે જમીનની માંગણી કરતા સાત વખત પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા છે.

**જિલ્લા પંચાતના નવા મકાન માટે ૧૦ હજાર ચો.મી. તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિવાસસ્થાન માટે ૫ હજાર ચો.મી. જગ્યાની દરખાસ્ત કરવામાં આવી છે : જિલ્લા પંચાયતની નવી જગ્યા માટે એક તબક્કે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ કક્ષાએ આ મુદ્દો હાથ પર લેવામાં આવ્યો હતો પરંતુ પાછો તો મામલો અટવાઈ જવા પામ્યો છે**

જિલ્લા પંચાયતના નવા સંકુલ માટે લેકાવાડા પાસે જમીન માંગવાની દરખાસ્તને લઈ ચૂંટાયેલી પાંખને જાણ નહિ હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતના નવા સંકુલ માટે લેકાવાડા પાસે જમીન માંગવાના નિર્ણય સામે કર્મચારીઓમાં પણ ગણગણાટ વધી જવા પામ્યો છે. આ ઉપરાંત જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પણ વિરોધ શરૂ થઈ ગયો હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર અને તેની પેરીફેરીમાં હજુ વાહન-વ્યવહાર ખાસ કરીને માલ ટ્રાન્સપોર્ટેશન એટલુ વિકસ્યુ નથી. બીજુ આ જગ્યાએ પહોંચવા માટે કલોલ, માણસાના લોકોને બે થી વધારે બસો બદલીને જવાનું થાય.

જિલ્લા પંચાયતની નવી જગ્યા માટે એક તબક્કે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ કક્ષાએ આ મુદ્દો હાથ પર લેવામાં આવ્યો હતો પરંતુ પાછો તે મામલો અટવાઈ જવા પામ્યો છે.

જો કે સરકારના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારે આ બાબતે ગંભીરતાથી વિચારણા હાથ ધરી છે અને શહેરમાં જ પથિકાશ્રમ બસસ્ટેન્ડની આસપાસ જગ્યા ફાળવવામાં આવે તેવા સંકેતો છે. આ માટે સે. ૧૧માં કંપની હાઉસ બાંધવા માટેનો એક તબક્કે વિચાર થયો હતો જે જગ્યા ફાળવવા તેમજ નગરપાલિકા ભવનની બાજુનો ખુલ્લો પ્લોટ છે ત્યાં જગ્યા ફાળવવા બાબતે વિચારણામાં છે. આ દરખાસ્ત થતાં હવે સરકાર શું નિર્ણય લે છે તેના પર નિર્ભર છે.

એક તબક્કે આ મકાનને જ સાત મજલાનું બનાવી શકાય કે નહિ તે વિકલ્પ પર વિચારણા ચાલી રહી હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે જેમાં લિફ્ટ અને પાર્કિંગના પ્રશ્નો પણ હલ થઈ શકે એમ છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૨૭ કેસ

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં કોરોનાના નવા ૨૭ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૪૯ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૦૮૧ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૫ ટકાએ પહોંચી ચુક્યો છે. તો અત્યાર સુધીમાં કુલ ૪,૯૪,૨૧૩ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૨૬૨ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૨૫૮ નાગરિકો પણ સ્ટેબલ છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૦૮૧ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. આ ઉપરાંત ૧૦૦૯૨ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે આજે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત નથી થયું. જો રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કરો પૈકી ૧૧ ને રસીનો પ્રથમ જ્યારે ૧૨૧૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

# રક્ષાશકિત - એપોલો સર્કલ પર ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં ઓવરબ્રિજ તૈયાર થઈ જશે

**હાલ આ વિસ્તારમાં ક્રોસ જંકશનના લીધે સતત ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે : ઓવરબ્રિજના નિર્માણ પાછળ અંદાજિત ૧૫૦ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરમાં અન્ડર પાસ બનાવાની યોજનાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આગામી દિવસોમાં નગરના ચ માર્ગ પરના બે જંકશન પર અન્ડર પાસ તૈયાર કરવાનુ પણ આયોજન છે. છેલ્લા દોઢ દાયકામાં શહેરમાં ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે પણ ટ્રાફિકની અવરજવર વધી છે જેના લીધે ક્રોસ જંકશન પર ટ્રાફિક જામના દ્રશ્યો સામાન્ય બન્યા છે. ત્યારે આ સ્થિતિને નિવારવા માટે તબક્કાવાર ઓવરબ્રિજ બાંધવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. રક્ષા શકિત અને એપોલો સર્કલ પર ઓવરબ્રિજ તૈયાર કરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. આગામી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે. જયારે આ યોજના પાછળ અંદાજિત રૂ ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં અન્ડર પાસ તેમજ ઓવરબ્રિજના નિર્માણનુ કામ છેલ્લા ત્રણ વર્ષથી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરમાં વાહનોની સંખ્યા વધતા ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. જેના લીધે રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ ગાંધીનગર અમદાવાદને જોડતા એસ જી હાઈવે પર નવા ઓવરબ્રિજ તૈયાર થઈ ગયા છે. સરગાસણ, ઘ-૦ , ઉવારસદ સહીતના ક્રોસ જંકશન પર ઓવરબ્રિજના લીધે હવે ટ્રાફિક જામની સમસ્યા હલ થવાની સાથે ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બની છે. બીજીતરફ શહેર નજીકના રક્ષા શકિત સર્કલ અને એપોલો સર્કલના વિસ્તારમાં છેલ્લા ત્રણ ચાર વર્ષથી ટ્રાફિકની સમસ્યા પેચીદી બની છે. સાંજના સમયે આ વિસ્તારમાં વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ક્રોસ જંકશન પર ટ્રાફિકની અવરજવર આમ પણ વિશેષ રહે છે ત્યારે ટ્રાફિકને ઓનગોઈંગ થતા વધુ સમય લાગે છે. આ સ્થિતિનો અભ્યાસ કરી માર્ગ મકાન વિભાગ દ્વારા આ બન્ને વિસ્તારમાં પણ ઓવરબ્રિજ તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે. જયારે આ બન્ને ઠેકાણે બ્રિજ બનાવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જેને અનુલક્ષી હાલ ટ્રાફિકની અવરજવર માટે પણ ઘણીવાર ડાયવર્ઝન આપવામાં આવે છે. રક્ષાશકિત સર્કલ તેમજ એપોલો સર્કલ પર ટ્રાફિકની સરળતા માટે ઓવરબ્રિજનુ કામ હાલ પ્રગતિ હેઠળ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે આગામી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં આ કામ પુર્ણ કરી દેવાશે. જો કે આ કામ પુર્ણ થતા હજુ એક વર્ષનો સમય લાગશે ત્યારબાદ આ વિસ્તારમાં વારંવાર જોવા મળતા ટ્રાફિક જામના દ્રશ્યોથી રાહત મળશે. જયારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ વાહનચાલકોને સાનુકુળતા રહેશે. આ વિસ્તારમાં સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે ઓવરબ્રિજની કામગીરીના અંતે ચક્કાજામથી ત્રસ્ત થતા વાહનચાલકોને પણ રાહત થશે.

# લગ્નમાં કલર બોમ્બ ફાટતા ચાર ઈજાગ્રસ્ત

**રિંગ રોડ પર આવેલા પાર્ટી પ્લોટનો બનાવ**

અમદાવાદ,તા.૨૯

હાલ લગ્નની સિઝન ચાલી રહી છે. ત્યારે લોકો લગ્ન પ્રસંગની ઉજવણીમાં પોતાનું ભાન ભૂલી જઈ ન કરવાનું કરી બેસતા હોય છે. આવો જ એક કિસ્સો અમદાવાદ શહેરમાં બન્યો છે. જ્યાં લગ્ન પહેલા હલદી અને સંગીતના કાર્યક્રમમાં કોઈએ કલર બૉમ્બ ફોડતા અચાનક આગ લાગી અને સામાન્ય આગમાં ચાર લોકોને એવી ઈજાઓ થઈ કે તમામ લોકોને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

રિંગ રોડ પર આવેલા શ્રીકુંજ ગ્રીન્સ પાર્ટી પ્લોટમાં એક પરિવારે લગ્ન માટે ત્રણ દિવસ આ જગ્યા ભાડે લીધી હતી. અહી લગ્નની સાથે સાથે હલદી અને સંગીત સહિતના કાર્યક્રમો હતા. ત્યારે બેએક દિવસ પહેલા એક એવી ઘટના બની કે નવરંગપુરામાં રહેતા એક યુવકના લગ્ન હતા. લગ્ન પહેલા અહીં હલદી અને સંગીતની રસમ હતી. અનેક મહેમાનો અહીં આવ્યા હતા. ત્યાં લોકો ખુશીમાં ને ખુશીમાં કલર અને ગુલાલ ઉડાવતા હતા. ત્યારે કોઈ એકલર બોમ્બથી કલર ઉડાવતા અચાનક જ આગ જેવી ઘટના બની હતી. અહીં હાજરમાં વરરાજાના એક મિત્ર અને સબંધીઓ સહિત ચારેક ઘવાયા હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR.FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com